શહેરમાં નજર નાંખો ત્યાં રખડતા ઢોર આડા આવતા રોડ સેફટી સામે જોખમ

સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ કોમન પ્લોટમાં અડ્ડો જમાવતા રખડતા ઢોર ગમે ત્યારે તોફાની બનતા બાળકો અને મહીલાઓને પણ ઇજા થઇ હોવાના અનેક કિસ્સા : સ્માર્ટ સીટીમાં માર્ગો વચાળે જ રખડતા ઢોર વાહનચાલકો માટે આડશ બને છે

ગાંધીનગર તા ૧૪

શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ હજુ યથાવત છે. કોર્પોરેશન

અસ્તિત્વમાં આવ્યા બાદ રખડતા ઢોરને પકડવા માટે અત્યાર સુધી આંગળીના વેઢે ગણી શકાય તેટલી વાર ઝુંબેશ હાથ ધરીને શહેરમાં રખડતા ઢોરની સમસ્યા હલ થઇ ગઇ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. પરંતુ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકરટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠેર રખડતા ઢોરનો અડ્ડો જોવા મળી રહ્યો છે. જેના લીધે શહેરમાં રોડ સેફટી પણ જોખમાઇ છે. રખડતા ઢોરના લીધે શહેરના રહેણાંક વિસ્તારમાં પણ ઘણીવાર અકસ્માતો થાય છે. એટલુ જ નહીં પરંતુ સોસાયટી અને સેકટરોના આંતરિક માર્ગો પર ઢોર બાખડતા વાહનોને પણ નુકશાન થતુ હોવાાના કીસ્સા છે. શહેરના સેકટરોમાં વારંવાર તોફાને ચઢતી વાનર ટોળકીના લીધે અનેક વાર નાગરિકોને લોહીયાળ ઇજા થાય છે. તો બીજીતરફ સેકટરોમાં રખડતા ઢોરના લીધે નાગરિકોની સલામતી જોખમાઇ છે. જયારે રખડતા ઢોરના લીધે સેકટરોમાં ગંદકીનો પ્રશ્ન પણ ગંભીર બન્યો છે. શહેરમાં રખડતા ઢોરની સમસ્યા છેલ્લા સાડા ચાર દાયકાથી છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર નજર નાંખો ત્યાં રખડતા ઢોર જોવા મળે છે. માર્ગ વચાળે પણ રખડતા ઢોર પણ ગમે ત્યારે અડ્ડો જમાવી બેસે છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં દબાણ અને પાર્કીંગની જેમ રખડતા ઢોરની સમસ્યા પણ નાગરિકો માટે શિરદર્દ સમાન બની છે. સેકટરોમાં ત્રણ ચાર મહીને એકવાર કોર્પોરેશનની ગાડી રખડતા ઢોર પકડવા નિકળી કામગીરી કરી હોવાનો સંતોષ માની લે છે પરંતુ સમસ્યાનુ કાયમી નિરાકરણ આવે તે દિશામાં કોઇ આયોજન કરવામાં આવતુ નથી. સેકટરોના આંતરિક વિસ્તારમાં ઘણીવાર આખલા તોફાને ચઢતા સ્થાનિકોને ઇજા થઇ હોવાના પણ અનેક કિસ્સા છે. જયારે સોસાયટીમાં રમતા બાળકો પણ રખડતા ઢોરની સમસ્યાથી ભયભીત બન્યા છે. આમછતા આંરભે શુરા કોર્પોરેશનના તંત્રએ આ પેચીદી સમસ્યાને પણ અન્ય પ્રશ્નોની જેમ રામભરોસે છોડી દીધી છે.

જીલ્લમાં મતદારયાદી સુધારણા ઝુંબેશમાં ૬ હજારથી વધુ અરજીઓ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આજે મતદારયાદી સુધારણા ઝુંબેશને સારો પ્રતિસાદ મળ્યો છે. આજે આ સઘન ઝુંબેશ અભિયાન દરમ્યાન ૬ હજારથી વધુ અરજીઓ તંત્રને મળી છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ૧લી નવેમ્બરથી ૩૦ નવેમ્બર દરમ્યાન મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

ચૂંટણીપંચે ઓનલાઈન ફોર્મ સ્વીકારવાની આપેલી સુવિધાને પગલે શહેરી વિસ્તારમાં મતદાન મથકો પર પ્રમાણમાં ઓછી ભીડ જોવા મળી હતી. જો કે ગ્રામ્ય વિસ્તારમાં સારો એવો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આજની આ સઘન ઝુંબેશને લઈ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિપુલ ઠક્કરે પીંપળજ, પિંડાયડા, લિમ્બોદ્રા, આરસોડિયા અને કેટલાક સેક્ટરોની મુલાકાત લઈ બી.એલ.ઓ.ને મળી સ્થિતિની સમીક્ષા કરી હતી.

ગાંધીનગર પ્રાંત અધિકારી ભોરીણિયાએ પણ ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તારના કેટલાક મત્વના બુથો પર જઈ કામગીરી નિહાળી અને સમીક્ષા કરી હતી. તેમણે સેક્ટરો તેમજ શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોની પણ મુલાકાત લીધી હતી.

મળતી વિગતો પ્રમાણે નવા નામ દાખલ કરવાની અરજીઓ વધારે પ્રમાણમાં મળી હતી. ગાંધીનગર (દ) વિભાગમાં આવી અરજીઓ વધુ મળી હતી. નામ સુધારણાને લઈ તેમજ મતવિસ્તાર બદલાતાં વિસ્તાર ફેરફાર કરવાની અરજીઓ પણ મળી છે.

ચૂંટણી પંચ દ્વારા હવે ૨૧મી નવેમ્બરે આવી ખાસ સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આજની આ ઝુંબેશ દરમ્યાન રાજકીય પક્ષોના આગેવાનો પણ સક્રિય જોવા મળ્યા હતા.

ભાજપની કાર્યસંસ્કૃતિ તમામ પક્ષોથી અલગ અનોખી અને આગવી છે : ભૂપેન્દ્રભાઈ

ગાંધીનગર, તા. ૧૪

ભારતીય જનતા પક્ષની કાર્ય સંસ્કૃતિ એજ તેને અન્ય રાજકીય પક્ષો કરતાં અનોખી ઓળખ ઉભી કરી છે. ભાજપનો કોઈપણ કાર્યકર્તા કોઈપણ પ્રકારની

કામગીરી કરવા સક્ષમ હોય છે. તેમ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે જિલ્લા ભાજપના સ્નેહમિલન સમારોહમાં બોલતા કહ્યુ હતુ.

તેમણે કહ્યુ કે પ્રજાજીવનમાં સતત સક્રિયતાને લઈ આ પક્ષ સત્તા સુધી પહોંચ્યો છે તે વાત ભુલવી જોઈએ નહિ. કાર્યકર્તાની સક્રિયતા મતદારોમાં ઓળખ બનાવે છે. તેમણે કહ્યુ કે ભાજપ પ્રજાના પ્રશ્નોથી વાકેફ છે અને એટલે જ સૌનો સાથ સૌનો વિકાસ સૌનો પ્રયાસ અને સૌના વિશ્વાસ સૂત્રને તે સાર્થક કરી રહેલ છે.

સહિયારા પ્રયાસોથી અંત્યોદયનો સંકલ્પ સાકાર કર્યો છે. આગામી દિવસોમાં હજુ પણ પડકારો આવવાના છે પણ ભાજપ તેનો મક્કમતાથી મુકાબલો કરવા તૈયાર છે. મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે વિજય પછી અમે વિશ્રામ નથી કરતા અમારૂ લક્ષ્ય પ્રશ્નોના ઉકેલ માટેનું છે અને હોય છે.

તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ટાંકીને કહ્યું હતું કે આટલા બધા કાર્યભારણ વચ્ચે આ બન્ને નેતાઓ તેમના મતક્ષેત્રની પણ એટલી જ ચિંતા કરતા હોય છે એટલુ જ નહિ પ્રશ્નોના ઉકેલ માટે સતત પ્રયત્નશીલ હોય છે.

આ પ્રસંગે ગાંધીનગર પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલ, સાંસદ શારદાબેન પટેલ, ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, શંભુજી ઠાકોર, જિલ્લા પ્રભારી ડૉ. હર્ષદભાઈ પટેલ, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, પૂર્વ ધારાસભ્યો અશોકભાઈ પટેલ, અમીતભાઈ ચૌધરી સહિત સંગઠ્ઠનના સાથી સંગઠ્ઠનોના હોદ્દેદારો ચૂંટાયેલા પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતુ. આભારવિધિ રમણભાઈ દેસાઈએ કરી હતી.

આ સ્નેહમિલન સમારોહમાં એવોર્ડ વિજેતા શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યુ હતુ. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું કાર્યકરો અને આગેવાનોએ પરંપરાગત સ્વાગત કર્યુ હતુ.

વિક્રમ : ગાંધીનગરમાં ૧૨૧ વર્ષની વયે શ્રમિક મહિલા મંગુબેનનું નિધન

જીવનના અંતિમ શ્વાસ સુધી કોઈપણ પ્રકારની દવાની જરૂર ન પડ્યાનો પરિવારજનોનો દાવો

ગાંધીનગર, તા. ૧૪

વડીલો આશિર્વાદ આપે એટલે સો વર્ષ જીવો એવુ કહી માથે હાથ મુકે. જો કે સો વર્ષ સુધી સ્વસ્થ જીવન જીવ્યા હોય એવા દાખલા આપણે ત્યાં ખુબ ઓછા છે પરંતુ કોઈ ૧૨૧ વર્ષ સુધી સ્વસ્થ જીવન જીવ્યુ હોય એવુ કહીએ તો એવો કિસ્સો કદાચ ગુજરાતમાં તો પહેલો જ હશે. આપણા ગાંધીનગરમાં જ આવો કિસ્સો સામે આવ્યો છે. સેક્ટર-૩૦ જીએસટી છાપરામાં રહેતા મહિલા મંગુબેન દંતાણી ૧૨૧ વર્ષની વય સુધી સ્વસ્થ જીવન જીવ્યા અને ગઈકાલે જ તેમનુ અવસાન થતા સેક્ટર-૩૦ના મુક્તિધામ ખાતે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

સ્વસ્થ એ દીર્ઘાયુ જીવન મેળવવા માટે આપણે જાતભાતના અખતરા કરીએ છીએ. સ્વાસ્થ્યપ્રદ ભોજનથી લઈને જાતભાતની મલ્ટી વિટામીન્સની ટેબલેટ આપણે વિના સંકોચે આરોગીએ છીએ. આટલી બધી કાળજી રાખવા છતાં જાતભાતની બીમારીઓ આપણને ઘેરી લે છે. ત્યારે ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારના વડીલ મહિલા ૧૨૧ વર્ષ સુધી સ્વસ્થ જીવન જીવે તે ખૂબ જ નવાઈની વાત છે. ૧૨૧ વર્ષની વયે સ્વધામ સીધાવનાર મંગુબેન શકરાભાઈ દંતાણીને આટલી વયોવૃદ્ધ અવસ્થા છતાં કોઈ બીમારી સબબ દવાખાનામાં દાખલ કરાયા ન હતા. ઉંમરના કારણોસર જ તેઓનું ઘરે અવસાન થયુ હતુ.

આજે અને કાલે મુખ્યમંત્રી મુલાકાતીઓને મળશે નહિ

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સોમવાર તા. ૧૫મી નવેમ્બર અને ૧૬મી નવે.ના રોજ સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના નિર્ધારિત પ્રવાસ કાર્યક્રમને લઈ ગાંધીનગર ખાતે મળી શકશે નહિ. ૧૫મી નવેમ્બરના રોજ તેઓ સૌરાષ્ટ્રના પ્રવાસે જનાર છે તો ૧૬ નવેમ્બરે મધ્ય ગુજરાતના જિલ્લાઓના પ્રવાસે જનાર છે.

આ પૂર્વ નિર્ધારિત પ્રવાસ કાર્યક્રમને અનુલક્ષીને ભૂપેન્દ્રભાઈ પટેલ આ સોમવાર અને મંગળવારે નાગરિકો, પ્રજાજનો અને કાર્યકર્તાઓને ગાંધીનગર મુખ્યમંત્રી કાર્યાલયમાં મળી નહિ શકે તેમ એક સત્તાવાર અખબારી યાદીમાં જણાવ્યું છે.

શહેરમાં ઠંડીનુ જોર ઘટ્યુ : ચાર દિવસમાં ૪ ડીગ્રી પારો વધ્યો : લઘુત્તમ તાપમાન ૧૭ ડીગ્રી

લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેવડો તફાવત : દિવસનુ તાપમાન ૩૨ ડીગ્રી

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં ઠંડીની મોસમમાં દિનપ્રતિદિન બદલાવ જોવા મળે છે. ચાર દિવસ અગાઉ ઠંડીનો પારો ૧૩ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ ઠંડી આકરી

બનતી હોવાનો અહેસાસ કર્યો હતો. જયારે છેલ્લા ત્રણ ચાર દિવસથી લઘુત્તમ તાપમાનમાં રોજબરોજ ચઢઉતર જોવા મળી રહી છે. ઠંડીનો પારો સતત નીચે ઉતરતા લઘુત્તમ તાપમાન આજે ૧૭ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. છેલ્લા ચાર દિવસમાં ન્યુન્નતમ તાપમાન ચાર ડીગ્રીનો તફાવત જોવા મળ્યો છે. આજે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન પણ ૩૨ ડીગ્રી રહેતા દિવસે હજુ પણ પંખો તેમજ એસી ઓન જોવા મળે છે.

ગાંધીનગરમાં દિવાળીના તહેવારો દરમિયાન ઠંડીનો પારો ઉંચકાયો હતો. જયારે આ દરમિયાન સિઝનની મહત્તમ ઠંડી પણ નોંધાઇ હતી જયારે હવે લઘુત્તમ તાપમાન ધીમે ધીમે વધુ અસહ્ય બનશે તેવો અહેસાસ પણ નાગરિકો પણ ગરમ કપડા પહેરવા માટે મજબુર બન્યા હતા.

ત્રણ ચાર દિવસ અગાઉ પણ લઘુત્તામ તાપમાન ૧૩ ડીગ્રીએ પહોંચી જતા શહેરીજનો સવારે અને રાત્રિના સમયે અસહ્ય ઠંડી અનુભવી હતી. કોલ્ડવેવના લીધે શહેરમાં રાત્રિના સમયે પણ માર્ગો પર વાહનચાલકોની પાંખી અવરજવર જોવા મળે છે. પરંતુ છેલ્લા બે દિવસથી ઠંડીનુ જોર સતત ઘટતા નગરજનો ફરી એકવાર જાણે બેવડી ઋતુ ચાલતી હોય તેવો અહેસાસ કરી રહ્યા છે. બે દિવસ અગાઉ લઘુત્તામ તાપમાન ૧૪ ડીગ્રીએ રહ્ય હતુ જયારે ગઈકાલે દોઢ ડીગ્રીના વધારા સાથે ઠંડીનો પારો ૧૫.૫ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો જયારે આજે પણ દોઢ ડીગ્રીના તફાવત સાથે ન્યુન્નતમ તાપમાન ૧૭ ડીગ્રીએ આંબી ગયુ હતુ. જેના લીધે સાંજના સમયે પણ વાતાવરણમાં હળવી ઠંડક અનુભવાઇ હતી શિયાળાની આકરી ઠંડીનો મિજાજ હજુ સુધી નિખર્યો નથી.

મહત્તામ અને લઘુત્તામ તાપમાનમાં પણ બેવડો તફાવત જોવા મળી રહ્યો છે. જેના લીધે નગરજનો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. હળવી ઠંડીના લીધે મોર્નિંગ વોક કરનારાની સંખ્યા વધી છે. વહેલી સવારે પાર્ક તેમજ બગીચા અને નગરના મુખ્યમાર્ગો પર વોકીંગ કરનારાઓનુ પ્રમાણ વધ્યુ છે. જો કે આગામી દિવસોમાં ઠંડીનો પારો ઉંચકાશે હવામાન નિષ્ણાંતોના મતે લઘુત્તમ તાપમાન સિંગ્લ ડીઝીટમાં આવી જશે

ગાંધીનગર શહેરમાં બનાવવામાં આવેલ અન્ડરપાસમાં આજે જાળી તુટી જતાં વાહનચાલકો પારાવાર મુશ્કેલીમાં મુકાયા છે. જાળી તુટી જતાં ટુ વ્હીલરના ચાલકોમાં ભયની લાગણી ઉભી થઈ છે. ગાંધીનગરમાં 'ઘ' રોડ પર બનાવવામાં આવેલ અન્ડપાસ શરૂઆતથી જ વિવાદિત રહ્યો છે. ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ છે. વારંવાર જાળી ઉખડી જવી, તુટી જવાની ઘટનાથી વાહનચાલકોની મુશ્કેલી વધી છે. હવે મનપાનું તંત્ર પણ થાક્યુ છે કેટલી ફરિયાદોનો ઉકેલ લાવવો તે જ ખબર નથી પડતી.

સ્વભંડોળમાંથી વિકાસ કામો અંગે પ્રમુખને સત્તા આપવાનો પ્રસ્તાવ વિકાસ કમિશનરે ના મંજૂર કર્યો

૯/૬ની સામાન્ય સભામાં આ પ્રસ્તાવ પસાર કરાયો હતો : વિકાસ કમિશનરે સુઓમોટો કરી પ્રસ્તાવ પ્રતિષેધ કર્યો હતો : ભાજપને ઝટકો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં બહુમતિથી સ્વભંડોળના વિકાસ કામો સૂચવવાના તેમજ તેમાં ફેરફાર કરવાની સત્તા પ્રમુખને સોંપવાના નિર્ણય અંગેના પ્રસ્તાવને વિકાસ કમિશનર દ્વારા રદ કરવામાં આવ્યો છે.

૯/૬ની મળેલ સામાન્ય સભામાં આ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આ બાબતને વિકાસ કમિશનરશ્રીની કચેરીએ સુઓમોટો લઈ અને પ્રતિષેધ કર્યો હતો.

વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા ગાંધીનગર મનપાના ચૂંટણીને લઈ તે પછી સુનાવણી કરી હતી. ત્રણેક જેટલી મુદતો પછી સુનાવણી કરી આ અંગેનો ચુકાદો આપતાં પ્રસ્તાવને ના મંજૂર કરી આ સત્તા સામાન્ય સભા હસ્તક જ રહેશે તેમ ઠરાવ્યુ છે.

આ મુદ્દે પંચાયત અધિનિયમની જોગવાઈઓને પણ ટાંકવામાં આવી છે. પ્રમુખ દિલીપભાઈ પટેલે તેમનો પક્ષ રજુ કર્યો હતો. તેમણે સામાન્ય સભા ૩ મહિને યોજાતી હોવાથી વિલંબ ના થાય વિકાસ કામોને ધ્યાને લઈ સત્તા પ્રમુખને સોંપવાનો નિર્ણય લેવાયો હોવાનું જણાવ્યું હતું.

વિકાસ કમિશનરે પંચાયત અધિનિયમની જોગવાઈઓને આધીન રહી આ પ્રસ્તાવ ના મંજૂર કર્યો છે.

જિલ્લા પંચાયતમાં ભાજપે સત્તા સંભાળ્યા પછીની પ્રથમ સામાન્ય સભામાં જ પસાર કરાયેલ આ પ્રસ્તાવને ના મંજૂર કરવામાં આવતાં ભાજપમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. દિપાવલીના પર્વોમાં ભાજપને લાગેલા આ ઝટકાએ જિલ્લાના રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

જિલ્લા પંચાયતમાં વિકાસ કામો પણ ઘણા સમય પછી મંજૂર થયા છે. હવે ભાજપ દ્વારા વિકાસ કામોને ગતિ આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com